આકાશવાણી, અમદાવાદ

08-10-2025 Midday: 2.30 TO 2.35

Wednesday Regional News

## CM VIKAS SAPTAH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સમગ્ર વિશ્વમાં સૌથી વધુ યુવાશક્તિ અને સૌથી મોટી લોકશાહી ધરાવતું ભારત સ્થાનિક અને વૈશ્વિક સ્તરે બંને રીતે ભવિષ્યને આકાર આપવાની વિશેષ ક્ષમતા ધરાવે છે. ગાંધીનગરમાં આજે "વિકાસ સપ્તાહ" અંતર્ગત યોજાયેલા યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ શુભારંભ કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે યુવાશક્તિને સૌથી મોટી મૂડી ગણાવી. તેમણે દરેક કામનો આદર કરવા સૌને અનુરોધ કરતા છેવાડાના માનવીને પણ મુખ્યપ્રવાહમાં લાવવા હાકલ કરી.
આવતીકાલથી શરૂ થનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો ઉલ્લેખ કરતા શ્રી પટેલે કહ્યું, દરેક જિલ્લાના લોકોને લાભ થાય અને યુવાનોને રોજગાર મળે તે હેતુથી આ પરિષદ યોજાઈ રહી છે.

. . . . .

## VIKAS SAPTAH DISTRICTS

રાજ્યભરમા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગરમાં લિંબડી તાલુકાના રળોલ ગામમાં વિકાસ રથને ગ્રામજનોએ આવકાર્યો હતો. ભલગામડા, ઘાઘ-રેટિયા, ગેડી, ટોકરાળા થઈ આ વિકાસરથ રળોલ ગામ પહોંચ્યો હતો.
સાથે જ ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પાંચ—પાંચ લાખ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. ઉપરાંત સાત જેટલા લાભાર્થીને આરોગ્ય અને સંકલિત બાળવિકાસ યોજના – ICDSના લાભોનું વિતરણ કરાયું.

. . . . .

## DIU MOCK DRILL

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં અગ્નિશમન દળ, આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય વિભાગ દ્વારા દીવની વિવિધ હૉટેલ્સમાં કવાયત હાથ ધરાઈ. દીવના કલેક્ટર રાહુલ દેવ બુરાના માર્ગદર્શનમાં યોજાયેલી કવાયતમાં હૉટેલના કર્મચારીઓને સંપૂર્ણ માહિતી અપાઈ. તેમજ કુદરતી આપત્તિ કે અકસ્માત વખતે કેવાં પગલા લેવા તે અંગેની માહિતી અપાઈ તેમ આરોગ્ય અધિકારી ડૉક્ટર પ્રતાપ સોનને જણાવ્યું.

. . . . .

## KADI KAPAS AAVAK

મહેસાણાના કડીમાં આવેલા સરદાર પટેલ કપાસ માર્કેટિંગ યાર્ડમાં કપાસની હરાજીનો શુભારંભ થયો. પહેલા દિવસે કપાસના 20 કિલોનો ઊંચો ભાવ એક હજાર 520 રૂપિયા નોંધાયો. સાથે જ કપાસની 100 ક્વિન્ટલ આવક નોંધાઈ. હાલ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને સૌરાષ્ટ્ર જેવા કેન્દ્ર પરથી કપાસ ભરેલા વાહન કડી આવી રહ્યા છે.

. . . . . .

## RAJKOT RPF SAMAAN

રાજકોટ મંડળમાં રેલવે સુરક્ષા દળ – RPF દ્વારા સપ્ટેમ્બર મહિનામાં બે લાખ 19 હજાર 982 રૂપિયાની કિંમતનો સામાન મુસાફરોને પરત અપાયો છે.

RPFની ટુકડીએ ઑપરેશન અનામત ચલાવી ટ્રેન અને મથક પર સામાન ભૂલી ગયેલા 23 જેટલા મુસાફરને સામાન પરત સોંપ્યો છે. જ્યારે ઑપરેશન સતર્ક હેઠળ ગેરકાયદે કેફી દ્રવ્યની તસ્કરી સામે કાર્યવાહી કરીને એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી. જ્યારે ઑપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ઘર છોડીને ગયેલા 14 વર્ષના બાળકને સલામત રીતે તેમના પરિવારને સોંપાયો છે.

. . . . . . . .

## WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 16 તારીખ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ 11 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. જોકે, વરસાદની આગાહી વચ્ચે પણ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં આવે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . . .

## BHAVNAGAR SILVER MEDAL

ભાવનગરના ખેલાડી કુલદિપસિંહ વાળાએ મધ્યપ્રદેશમાં રમાયેલી ટ્રાયથલે સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે,

પાલિતાણા તાલુકાના મોટી પાણિયાળી ગામના ખેલાડીએ આ સ્પર્ધામાં ત્રણ કિલોમીટર દોડ અને 200 મીટર સ્વિમિંગ અને નિશાનેબાજી કરી હતી. તેમણે ઉત્તમ પ્રદર્શન કરીને આ સિદ્દ્ધિ મેળવી છે. હવે તેઓ ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકામાં યોજાનારી વૈશ્વિક સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . .

## BHUJ PALANPUR TRAIN CANCEL

ભુજ—પાલનપુર ઇન્ટરસિટી ઍક્સપ્રેસ ટ્રેન ટેક્નિકલ કારણોસર આગામી સાત ઍપ્રિલ 2026 સુધી રદ રહેશે. જ્યારે ગાંધીધામ—પાલનપુર—ગાંધીધામ ઍક્સપ્રેસ ટ્રેન યથાવત્ સમયપત્રક મુજબ દોડશે તેમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

. . . . .